બોટાદ,બનાસકાંઠા અને વલસાડ ખાતે ૧૦૦ની ટોચ મર્યાદાવાળા સરકારી ચીલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ (કિશોરીઓ માટે)શરૂ કરવા રૂ.૧૦૦/- લાખ ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૨૦/૫૪૫૮૫૧/છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૫/૧/૨૦૨૨

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા,ગાંધીનગરનો પત્ર ક્રમાંક: નં.સ.સુ.ખા/યોજના/નવી બાબત/૨૦૨૦-૨૧/૧૪૭,તા.૧૭/૧૨/૨૦૨૦.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા,ગાંધીનગરનો પત્ર ક્રમાંક: નં.સ.સુ.ખા/ યોજના/નવી બાબત/૨૦૨૦-૨૧/૨૩૧,તા.૩૧/3/૨૦૨૧.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા,ગાંધીનગરનો પત્ર ક્રમાંક: નં.સ.સુ.ખા/ યોજના/નવી બાબત/૨૦૨૦-૨૧/૨૩૩,તા.૩૧/3/૨૦૨૧.

(૪) આ વિભાગનો ઠરાવ ક્રમાંક:જજઅ/૧૦/૨૦૨૦/૫૪૮૫૧/છ,તા.3/૧૨/૨૦૨૧.

(૫) આ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૨૦/૫૪૮૫૧/છ,તા.૧૫/૧૨/૨૦૨૧.

પ્રસ્તાવના:-

હાલ રાજ્યમાં જુવેનાઇલ જસ્ટિસ એક્ટ ૨૦૧૫ અમલમાં છે. રાજ્યમાં કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળી કિશોરીઓ માટે બોટાદ,બનાસકાંઠા અને વલસાડ જિલ્લામાં એક પણ બાળ સંભાળ ગૃહ ન હોઇ, ઉક્ત સ્થળ ખાતે સરકારી નવું ચીલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ.૧૧૬.૦૪/- લાખની જોગવાઇ કરવા નિયામકશ્રી(સ.સુ)એ વંચાણે લીધેલા ક્રમાંક(૧) પરના

તા.૧૭/૧૨/૨૦૨૦ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જેની સામે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજ પત્રમાં રૂ.૧૦૦.૦૦/-લાખની જોગવાઇ થયેલ છે. જે અન્વયે નિયામકશ્રી(સ.સુ)એ વંચાણે લીધેલા ક્રમાંક:-(૨) અને (૩) પરના તા.૩૧/૩/૨૦૨૧ના પત્રથી રૂ.૧૦૦.૦૦/-લાખની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે બોટાદ,બનાસકાંઠા જીલ્લાઓ ખાતે ચીલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા રૂ.૬૬.૬૭/-લાખ પૂરા અને વલસાડ જીલ્લા ખાતે ચીલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ શરૂ કરવા રૂ.૩૩.૩૩/-લાખ પૂરા એમ કુલ રૂ.૧૦૦.૦૦/-લાખ(અંકે રૂપિયા સો લાખ પુરા) નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૧-૨૨ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં .બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

૭ વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

૮. વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને

સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

૯. ડ્રાઇવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ મંજૂર થરોલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

૧૦. જે તે જગ્યાઓના પગાર-ધોરણો પ્રવર્તમાન આર.ઓ.પી પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી,સમાજ સુરક્ષાની રહેશે.

૧૧. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક:નપન/૨003/ જીઓઆઇ/૧૦ (પા.ફા.)ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

૧૨. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે નિયામકશ્રી,સમાજ સુરક્ષાએ જેવાનું રહેશે.આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યાઓ હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૩. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૪. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૧૫. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૬. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો નિયામકશ્રી,સમાજ સુરક્ષાએ જગ્યાઓની મુદ્દત વધુ સમય લંબાવવા માટે જગ્યાઓની મુદ્દત પૂરી થતા પહેલાના બે માસ અગાઉ વિભાગ મારફત નાણાસલાહકાશ્રીની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૭. આ યોજના અંગે કોઇ ખરીદી કરવાની થતી હોય તેવા કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૪/૧૦/૨૦૧૭ ના ઠરાવથી સૂચવવામાં આવેલ કાર્યપધ્ધતિ અને કાર્યપ્રણાલિકાને અનુસરીને ઇ-માર્કેટપ્લસ(જી.ઇ.એમ.)પોર્ટલ પરથી કરવાની રહેશે.જો કોઇ આઇટમ પોર્ટલ પર ઉપલબ્ધ ન હોય

તો ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવથી સૂચવ્યા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૮. જો કોઇ ખરીદી કરવાની થતી હોય તો રૂ.૧.૦૦ લાખથી વધુ કિંમતની ખરીદી નાણા વિભાગના તા.૧૭/૩/૨૦૦૨ના ઠરાવથી નક્કી થયા મુજબ જાહેરાત આપીને અને રૂ.૫.૦૦ લાખથી વધુ રકમની ખરીદીના કિસ્સામાં ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૮/૦૭/૨૦૧૧ના ઠરાવથી સૂચવ્યા મુજબ ઇ-ટેન્ડરથી કરવાની રહેશે.

૧૯. ત્રણ સંસ્થાઓમાં દરેક સંસ્થા દીઠ નીચેના કોષ્ટકના કોલમ-૩ પ્રમાણેનું મહેકમ કોલમ-૫ના માસિક વેતન પ્રમાણે તથા કોલમ-૬ પ્રમાણેનો ત્રણેય સંસ્થાનો વાર્ષિક અંદાજીત ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | કર્મચારી ગણનો હોદ્દો | મહેકમની સંખ્યા | ત્રણેય સંસ્થાનું કુલ મંજૂર જગ્યાનું મહેકમ | માસિક વેતન | વાર્ષિક અંદાજ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ઓફીસ ઇન્ચાર્જ/સુપ્રિન્ટેન્ડન્ટ (૫ વર્ષ ફિક્સ પગારથી ત્યાર બાદ નિયમીત પગાર ધોરણમાં) | ૦૧ | ૩ | રૂ.૩૮૦૯૦ [(૩૮૦૯૦-૨૫૦૦૦)=રૂ.૧૩,૦૯૦/- રાજ્ય ફાળો] | રૂ.૧૩,૭૧,૨૪૦/- |
| ૨ | પરામર્શક (કાઉન્સેલર) (૧૧ માસ કરાર આધારીત) | ૦૧ | ૦૩ | રૂ.૧૭૫૦૦/- | રૂ.૬,૩૦,૦૦૦/- |
| ૩ | પ્રોબેશન અધિકારી/ચાઇલ્ડ વેલ્ફેર અધિકારી/કેસવર્કર (૧૧ માસ કરાર આધારીત) | ૦૧ | ૦૩ | રૂ.૧૭૫૦૦/- | રૂ.૬,૩૦,૦૦૦/- |
| ૪ | હાઉસ મધર કે હાઉસ ફાધર (ગૃહમાતા/ગૃહપિતા) (૧૧ માસ કરાર આધારીત) | ૦૨ | ૦૬ | રૂ.૧૧૦૦૦/- | રૂ.૭,૯૨,૦૦૦/- |
| ૫ | જુનિયર ક્લાર્ક (૫ વર્ષ ફિક્સ પગારથી ત્યાર બાદ નિયમીત પગારધોરણમાં) | ૦૧ | ૦૩ | રૂ.૧૯૯૫૦/- [(૧૯૯૫૦-૧૪૦૦૦)=૫૯૫૦/- રાજ્ય ફાળો] | રૂ.૭,૧૮,૨૦૦/- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | પેરા મેડીકલ સ્ટાફ (૧૧ માસ કરાર આધારીત) | ૦૧ | ૦૩ | રૂ.૯૦૦૦/- | રૂ.૩,૨૪,૦૦૦/- |
| ૭ | કુક (રસોઇયા) (૧૧ માસ કરાર આધારીત) | ૦૨ | ૦૬ | રૂ.૭૫૦૦/- | રૂ.૫,૪૦,૦૦૦/- |
| ૮ | હેલ્પર/ગાર્ડ (૧૧ માસ કરાર આધારીત) | ૦૨ | ૦૬ | રૂ.૬૦૦૦/- | રૂ.૪,૩૨,૦૦૦/- |
| ૯ | હાઉસ કીપર (૧૧ માસ કરાર આધારીત) | ૦૨ | ૦૬ | રૂ.૬૦૦૦/- | રૂ.૪,૩૨,૦૦૦/- |
| ૧૦ | M.B.B.S ડોકટર (પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક) | ૦૧ | ૦૩ | રાજ્ય સરકારની અન્ય વિભાગોને યોજનાઓ સાથે સંકલન કરી/સીવીલ સોસાયટી/ આઉટ સોર્સિંગથી સેવાઓ લેવાની રહેશે અને સંકલન શક્ય ન હોય ત્યાં ICPS હેઠળ રાજ્યોને આપવામાં આવતા યુનાઇટેડ/ફ્લેક્ષી ફંડમાંથી આનો ઉપયોગ કરવાની જોગવાઇ છે. | |
| ૧૧ | એજ્યુકેટર (શિક્ષક) (પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક) | ૦૧ | ૦૩ | | |
| ૧૨ | આર્ટ એન્ડ ક્રાફ્ટ કમ મ્યુસિક ટીચર (પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક) | ૦૧ | ૦૩ | | |
| ૧૩ | પી.ટી-કમ-યોગા ટીચર (પાર્ટ ટાઇમ/સ્વૈચ્છિક) | ૦૧ | ૦૩ | | |
| | કુલ | ૧૭ | ૫૧ | | રૂ.૫૮,૬૯,૪૪૦/- |

૨૦. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.

(૧) માંગણી નંબર - ૯૨ (રૂ.૩૮.૮૨+રૂ.૨૭.૮૫=રૂ.૬૬.૬૭ લાખ પૂરા.)

મુખ્ય સદર - ૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ

પેટા મુખ્ય સદર - ૦૨-સમાજ કલ્યાણ

ગૌણ સદર - ૧૦૨- બાળકલ્યાણ.

પેટા સદર - ૦૩-SSW-૪ સંકલિત બાળ સુરક્ષા યોજના (કેન્દ્રીય પુરસ્કૃત યોજના)

(૨) માંગણી નંબર - ૯૬ (રૂ.૧૯.૪૧+રૂ.૧૩.૯૨=રૂ.૩૩.૩૩ લાખ પૂરા.)

મુખ્ય સદર - ૨૨૩૫- સામાજિક સુરક્ષા અને કલ્યાણ

પેટા મુખ્ય સદર - ૦૨-સમાજ કલ્યાણ

ગૌણ સદર - ૭૯૬- આદિજાતી વિસ્તાર પેટા યોજના

પેટા સદર - ૧૬-SSW-૪ સંકલિત બાળ સુરક્ષા યોજના (કેન્દ્રીય પુરસ્કૃત યોજના)

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.03/11/2021 ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૪) તા.3/૧૨/૨૦૨૧નો ઠરાવ તથા ક્રમાંક(૫)નો તા.૧૫/૧૨/૨૦૨૧નો સુધારા ઠરાવ ટેકનિકલ ક્ષતિને કારણે થયેલ ભૂલોને કારણે આ સાથે રદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયદીપ પટેલ)

સેકશન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, બોટાદ/બનાસકાંઠા/વલસાડ/ગાંધીનગર/અમદાવાદ.
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ(શાખા/ના.સે.અ.)